ગાંધીનગરની દીકરી અનેરી પટેલે સિડનીમાં કારની અડફેટે જીવ ગુમાવ્યો

ચાર પેઢીમાં એકની એક દિકરીનુ કરૂણ મોત થતા પાટીદાર સમાજ શોકમાં ગરકાવ ધો. ૩ સુધી નગરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરતી અનેરી સ્કેટીંગમાં ચેમ્પિયન હતી : રવિવારે અનેરીને શ્રદ્ધાંજલિ અર્પવા ઉમિયા મંદિરમાં પ્રાર્થના સભા

ગાંધીનગર, તા. ૧૮

ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં ગાંધીનગરની અનેરી પટેલનુ માર્ગ અકસ્માતમાં કરૂણ મોત થતા સે. ૨ સ્થિત પેટલ પરિવાર આઘાતમાં ગરકાવ થઈ ગયો છે. શહેરના પાટીદાર સમાજમાં પણ અનેરીના આકસ્મિક મોતથી શોકની લાગણી વ્યાપી છે. ચાર પેઢીમાં એકની એક જ વ્હાલસોયી દિકરી અનેરીના મૃત્યુથી પટેલ પરિવાર હતપ્રભ બની ગયો છે. અનેરીના આ દાદા પણ પૌત્રીને મળવા જવા ઓસ્ટ્રેલિયા જવાની તૈયારીમાં જ હતા તેવામાં આ સમાચાર સાંભળતા જ તેમના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. સિડની હાઈસ્કૂલમાં પરીક્ષા આપી સ્કૂલ બસની રાહ જોતી અનેરીને કારે અડફેટે લેતા ઘટનાસ્થળે જ તેનુ કરૂણ મોત નિપજ્યું હતું. ધો. ૩ સુધી નગરની સેન્ટ ઝેવિયર્સમાં હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી અનેરી સ્કેટીંગમાં ચેમ્પિયન પણ રહી ચુકી હતી. પટેલ પરિવારે ચાર પેઢીમાં એકની એક જ દિકરી અનેરીને ગુમાવતા ઘેરા શોકની લાગણી વ્યાપી છે. આગામી રવિવારે અનેરીને શ્રદ્ધાંજલિ અર્પવા સે. ૧૨ સ્થિત ઉમિયા માતાના મંદિરમાં પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

સે. ૨-ડી ખાતે રહેતા જેઠાભાઈ સી. પટેલના પુત્ર નિકુલભાઈ પટેલની પુત્રી અનેરી ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં કોગારા હાઈસ્કૂલની સ્ટુડન્ટ હતી. ગત સોમવારે અનેરી છેલ્લુ પેપર આપી બસ સ્ટેન્ડ પર બસની રાહ જોઈને ઉભી હતી. તેવામાં અચાનક જ પુરપાટ આવતી કારે અનેરીને અડફેટમાં લઈને કાર શોપમાં ઘુસાડી દીધી હતી. આ અકસ્માતમાં અનેરીનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. વિદેશમાં થયેલા આ અકસ્માતની જાણ ગાંધીનગરમાં રહેતા તેણીના બા-દાદા અને પરિવારજનોને થતાં તેમના હોંશ-કોશ ઉડી ગયા હતા. પૌત્રી અનેરી પાસે રહેવા જવાની તૈયારી કરતા જેઠાભાઈનો સમગ્ર પરિવાર ભાંગી પડ્યો હતો. રૂબરૂ સમાચાર મળતા જ પરિવારજનો અત્યંત કરૂણ સંજોગોમાં સિડની પહોંચ્યા હતા. પટેલ પરિવારની ચાર પેઢીમાં અનેરી એક માત્ર દિકરી હતી. વહાલના દરિયા સમાન પુત્રી અનેરીના મોતથી પરિવારજનો પર મોટી આફત આવી ગઈ છે. ગાંધીનગરના પાટીદાર સમાજમાં પણ ઘેરા શોક સાથે દુઃખની લાગણી પ્રવર્તી છે. અનેરીનો મૃતદેહ આગામી શનિવારે પરિવારજનોને સોપવામાં આવશે. સિડની ખાતે તેણીનો અંતિમ સંસ્કાર વિધિ કરવામાં આવશે. અનેરીને શ્રદ્ધાસુમન અર્પણ કરવા આગામી રવિવારે સે. ૧૨ સ્થિત ઉમિયા મંદિર ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. અકસ્માતમાં જીવ ગુમાવનાર અનેરીના મોતથી સિડનીની પ્રજામાં પણ આક્રોશ પ્રવર્ત્યો છે.

પ્રાથમિક શાળામાં ૭મી ઓક્ટોબરથી પરીક્ષાઓ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નવરાત્રી પર્વ બાદ સાતમી ઓક્ટોબરથી પરીક્ષાઓ લેવામાં આવશે અને તે ત્રણ જ દિવસમાં પૂર્ણ કરી દેવાશે.

પ્રથમ સત્રાંત પરીક્ષા માટે જિલ્લા શિક્ષણ સમિતિએ તેની તૈયારીઓ આરંભી દીધી છે. રોજના બે વિષયની પરીક્ષાઓ લેવામાં આવશે.

રાજ્યના શિક્ષણ વિભાગે ૧૦ મી ઓક્ટોબર સુધીમાં પરીક્ષાનું કાર્ય પૂર્ણ કરવા માટે કરેલી તાકીદના પગલે જિલ્લા શિક્ષણ તંત્રએ પરીક્ષાનો કાર્યક્રમ પણ તૈયાર કરી દીધો છે.

તંત્ર દ્વારા જિલ્લામાં ચાલતા પ્રજ્ઞા વર્ગના વિદ્યાર્થીઓનું પણ આ વખતે લેખિતમાં મૂલ્યાંકન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લામાં ૨૦૦ થી વધુ શાળાઓમાં પ્રજ્ઞા ક્લાસીસ ચાલી રહ્યા છે. જેમાં બાળકોનું સતત મૂલ્યાંકન અત્યાર સુધી માત્ર શાળા દ્વારા થતુ હતુ, હવે પ્રથમવાર જિલ્લાકક્ષાએથી તેનું મૂલ્યાંકન કરાશે.

૫૦ માર્કસની આ પરીક્ષા રહેશે. આ માટે પણ તંત્ર દ્વારા અલગથી તૈયારીઓ શરૂ કરાઈ છે.

મળતી વિગતો મુજબ ધો. ૩ થી ૮ ના બાળકોની સત્રાંત પરીક્ષામાં જિલ્લાના ૧.૨૫ લાખ બાળકો નોંધાયા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

પક્ષી સભા - ગાંધીનગરની આ ભવ્યતા છે... સમી સાંજે સંધ્યાકાળે ગાંધીનગરના ગગનમાં ઉડતા પક્ષીઓની પણ સભા યોજાય છે... સુમધુર સંગીતમય વાતાવરણમાં એકમેકની વાતોનો વિનિમય થાય છે અને તે પણ નગરની મધ્યમાં સેક્ટર-૧૧માં પથિકાશ્રમ હોટલની પાછળ એક જ વૃક્ષ પર બેસી સેંકડો પંખીઓ સંધ્યાનો અનોખો કલરવ અભિવ્યક્ત કરે છે... આપણા જીવનમાં જો ક્યારેક સમય મળે તો અથવા તો મેળવીને આ પક્ષીઓના સુંદર મજાના કલરવને માણવાનો અનોખો લ્હાવો લેવો જોઈએ... લાગણીઓથી તરબતર થઈ જશે જીવન... ક્ષણો થઈ જશે ધન્ય... અને પ્રકૃતિ પરત્વેની શ્રદ્ધા છલકાઈ જશે... જીવનની દોડધામ તો યંત્રવત ચાલે છે... પણ એમાં જીવન નથી... એમાં તો કંઈક મેળવવાની લ્હાય છે... આવો, પ્રકૃતિ પ્રતિ પાછા વળીએ....

નગરમાં શેરી ગરબા માટે ચોકઠે-ચોકઠે તૈયારીઓ

નવરાત્રિ સમિતિઓ દ્વારા લાઈટીંગ અને સાઉન્ડ માટેના સામાનની ખરીદીઓ પૂર્ણ કરાઈ : ગરબા ગ્રાઉન્ડ અને માંડવીની તૈયારીઓ હાથ ધરી : ભૂલકાંઓએ પરીક્ષામાંથી સમય કાઢી 'ગબ્બર' બનાવવાનું ચાલુ કર્યું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં નવરાત્રિનું પર્વ એટલે તમામ નગરજનો માટેનો માનીતો અને પ્રિય ઉત્સવ. નગરના દરેક સેક્ટરોમાં વિવિધ સોસાયટીઓ દ્વારા અને વસાહતોના ચોકઠાઓમાં નવરાત્રિનું આયોજન કરવામાં આવે છે. હવે નવરાત્રિના પ્રારંભ આડે માત્ર ગણતરીના જ દિવસો વધ્યા છે ત્યારે આ આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવાઈ છે.

નવરાત્રિ કાઉન્ટ-ડાઉન

ગાંધીનગરમાં બે ટાઈપના નવરાત્રિઓ થાય છે, એક જે પરંપરાગત રીતે શેરી ગરબા ટાઈપની નવરાત્રિ જેનું આયોજન સોસાયટીના સભ્યો કે

વસાહતોના રહીશો દ્વારા ફાળો ઉઘરાવીને કરવામાં આવે છે. અને બીજુ જેમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પાર્ટીપ્લોટ કે મોટા મેદાનોમાં પ્રોફેશનલ આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરમાં પરંપરાગત રીતે આયોજિત કરાતા શેરી ગરબાઓ એક સમયે નાજુક હાલતમાંથી પસાર થઈ રહ્યા હતા. પરંતુ છેલ્લા બે એક વર્ષથી તેમાં નવો સંચાર થયો છે. પહેલા મોટી ગરબા-મ્યુઝીક પાર્ટીઓ દ્વારા કરાતા આયોજનમાં ધીમે ધીમે ખર્ચાનો બોજ વધવાથી નાની સોસાયટીઓમાં ઓટ આવવા લાગી હતી પરંતુ હવે પેન ડ્રાઈવના સહારે ડીજે સંગીત સસ્તુ થઈ જતા હવે આ શેરી ગરબાઓ ફરી ધમધમતા થયા

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં વિશ્વની પ્રથમ રિન્યુએબલ એનર્જી સાયન્સ યુનિવર્સિટી

ગાંધીનગર પાર્થ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૩ દરમિયાન એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવ્યું હતું : ટૂંક જ સમયમાં યુનિવર્સિટી કાર્યાન્વિત થશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં વિશ્વની પ્રથમ યુનિવર્સિટી ઓફ રિન્યુએબલ એનર્જી સાયન્સ એન્ડ ટેકનોલોજીની સ્થાપના કરવાનું ઘનિષ્ઠ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. પાર્થ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૧૩ માં આ અન્વયે શિક્ષણ વિભાગ સાથે એમ.ઓ.યુ. સાઈન કર્યું હતું. જેના અંતે હવે આગામી સમયમાં વિશ્વની પ્રથમ યુનિવર્સિટી ઓફ રિન્યુએબલ એનર્જી સાયન્સની ગુજરાતને ગીફ્ટ મળશે.

ગુજરાતમાં વિશ્વની પ્રથમ રિન્યુએબલ એનર્જી સાયન્સ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી સ્થાપવા ગાંધીનગર પાસે એજ્યુકેશન એન્ડ રીચર્સ ફાઉન્ડેશન દ્વારા વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૩માં એમ.ઓ.યુ. સાઈન કરવામાં આવ્યું હતું. જેના અંતે હાલ આ યુનિવર્સિટીની સ્થાપના માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. પાર્થ ફાઉન્ડેશન દ્વારા આ અન્વયે સરકારને ઉત્તર ગુજરાતમાં ૨૧૬ એકર જેટલી પડતર જમીન ફાળવવા પણ અરજી કરી છે. પાર્થ એજ્યુકેશન એન્ડ રીચર્સ ફાઉન્ડેશન મેનેજિંગ ડાયરેક્ટર દિપક જોષીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે યુનિવર્સિટી ઓફ રિન્યુએબલ એનર્જી સાયન્સના આધારે બધા જ પ્રકારની રીન્યુએબલ એનર્જીના ટીચર્સ સેન્ટરો, અભ્યાસક્રમો તેમજ તમામ પ્રકારના રીન્યુએબલ એનર્જી આધારિત વિવિધ ઉત્પાદન માટેના પાવર પ્લાન્ટસ એક સાથે એક જ કેમ્પસમાં સ્થાપવામાં આવશે. આ ઉમદા કાર્યમાં સહભાગી થવા ઈચ્છતી સંસ્થાઓ અગર નાગરિકોએ પાર્થ ફાઉન્ડેશનના મેનેજીંગ ડાયરેક્ટર દિપક જોષીનો સંપર્ક કરવા પણ જણાવાયું છે.

કેબીનેટમાં બે દિવસના કાર્યક્રમોની સમીક્ષા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના પ્રવાસે આવેલા ચીનના રાષ્ટ્રપતિના કાર્યક્રમની ફળગાથાઓ અંગે આજે મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં ગુજરાતના પ્રવાસે આવેલા ચીનના રાષ્ટ્રપ્રમુખ ઝીનપીંગ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં અમદાવાદ રીવરફ્રન્ટ તેમજ ચીન સાથે કરવામાં આવેલ કરારો સહીતની રાજ્ય સરકારની કામગીરી કેટલી સફળ રહી તે અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમો રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા તેનાથી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્ર પ્રમુખ પર કેવી છબી ઉભી થઈ અને તેને ધ્યાનમાં રાખીને રાજ્યમાં આગામી દિવસોમાં વધુ સારો વિકાસ કઈ રીતે સાધી શકાય તે અંગે રાજ્યમંત્રી મંડળની બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાવલંબન અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકેલી નવીનત્તમ યોજનાઓનો શુભારંભ કરાયેલ હતો. આ કાર્યક્રમની સફળતા અંગે પણ સમીક્ષા કરીને આ સફળતા માટે મંત્રીઓ અને અધિકારીઓની કામગીરીને વખાણવામાં આવી હોવાનું જાણવા મળે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

પરંપરાગત રમતો - મોબાઈલમાં સ્ક્રીન પર રમાતી ગેમ કે વિડીયો ગેમના જમાનામાં આ તસવીરને સમજવી ખૂબ જ અઘરી છે... ગામડાની શેરીઓમાં રમાતી આ રમત બિનખર્ચાળ અને બિનકડવાશવાળી, બિન ઉપદ્રવી અને તંદુરસ્તી જાળવતી રમત મનને ભરપૂર આનંદ આપે, શરીરને તાજગી આપે અને સમુહ જીવનના પાઠ શિખવાડે... શેરીની વચ્ચો-વચ્ચ આટાપાટા દોરી વિવિધ રમતો રમાય... ક્યારેક એને લંગડીની રમત કહીએ છીએ.. ક્યારે એને કોડીની રમત કહીએ છીએ... તો ક્યારેક આટાપાટાની રમત કહીએ છીએ... પરંતુ એક જ શબ્દમાં કહેવું હોય તો, આ મજાની રમત છે... ગરીબીના ખમીરની રમત છે... તન-મનની તંદુસ્તીની રમત છે.

શહેરના ૧૦૦ સરકારી આવાસોમાં બિનઅધિકૃત વસવાટ : પગલા લેવાશે

ગેરકાયદેસર કબજાના કિસ્સામાં કોર્ટ કેસ દાખલ થશે

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં વિવિધ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોના ઉપયોગ અને વસવાટ સહીતની માહિતી એકત્રિત કરવા તંત્ર દ્વારા થોડા સમય અગાઉ સર્વે કરવામાં આવ્યો હતો. સરકારી આવાસોના અભ્યાસના અંતે અંદાજિત ૧૦૦ જેટલા સરકારી મકાનોમાં બિનઅધિકૃત રીતે વસવાટ હોવાનું ધ્યાને આવ્યું છે. સરકારી આવાસોમાંથી બિનઅધિકૃત વસવાટ દૂર કરવા તંત્ર દ્વારા ગેરકાયદેસર કબજેદારો સામે કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે.

શહેરમાં વિવિધ કક્ષાના અંદાજિત ૧૬ હજાર જેટલા આવાસો છે જયારે આવાસોમાં અવસાન અને નિવૃત્તિના કિસ્સા બાદ પણ ગેરકાયદેસર વસવાટ થતો હોવાનું અગાઉ પણ ધ્યાને આવ્યું હતું. પેટા ભાડૂઆતોના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા હતા જેને લઈ તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

ચીનનું પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને આજે ચીનના ગ્વાંગડોંગના એક્ઝીક્યુટીવ વાઈસ ગવર્નર શ્રીયુત જુ શાહોહુઆ અને ગ્વાંગઝો શહેરના મેયર શ્રીયુત ચેન જીનહુઆના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ ગાંધીનગરમાં મળ્યું હતું.

અમદાવાદમાં ચીનના રાષ્ટ્રપ્રમુખ શ્રીયુત જિનપીંગ અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ૧૭ સપ્ટેમ્બરે ગ્વાંગઝો શહેર અને અમદાવાદ મહાનગર વચ્ચે પરસ્પર શહેરી વિકાસ અને માળખાગત સુવિધા તકનીક, પ્રવાસન, ઊદ્યોગ-વેપાર સહકાર માટે કરવામાં આવેલા સમજૂતિ કરાર એમઓયુને વાસ્તવિક સ્વરૂપ આપવાની બાબતની પરિણામકારી ચર્ચા-વિચારણા આ બેઠકમાં હાથ ધરવામાં આવી હતી.

જાહેરાત

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર
બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડો. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. (૦૭૯) ૨૩૨૫૪૮૬, ૮૮ ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૩૮૬
CIN : U 91990 GJ 2003 NPL 42945 ઈ-મેઈલ: md-gtkvn@gujarat.gov.in

૧) ધંધા / વ્યવસાય માટે સીધા ધિરાણની વિવિધ યોજનાઓ
પાત્રતા :
- અરજદાર ઠાકોર અથવા કોળી જાતિના હોવા જોઈએ.
- અરજદારની કુટુંબની વાર્ષિક આવક : ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૮૧,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૦૩,૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.
- અરજદારની ઉંમર : અરજીની તારીખે ૨૧ થી ૪૫ વર્ષ

૨. ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસ માટે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના માન્ય સંસ્થાઓના ઉચ્ચ વ્યવસાયિક / ટેકનીકલ / તબીબી અભ્યાસક્રમો માટે લોનની યોજના
- અરજીપત્રક માટે અરજદારે પોતાનું પુરું સરનામું લખીને પોસ્ટકાર્ડ નિગમને મોકલવું. નિગમ દ્વારા ટપાલ મારફતે અરજીપત્રક મોકલી આપવામાં આવશે.
- વધુ વિગતો નિગમની www.sje.gujarat.gov.in/gtkvn વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

જશવંત ગાંધી, મેનેજીંગ ડીરેક્ટર
પુંજાજી ઠાકોર, અધ્યક્ષ
માહિતી/૧૨૦૨/૨૦૧૪-૧૫

GEMI ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)
(ગુજરાત સરકારશ્રીની સ્વાયત્ત સંસ્થાન)
પ્લોટનં. ૨૭૨-૨૭૩, પહેલો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની પાછળ, ઘ-૪ ૧/૨, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : (૯૧) ૭૯-૨૩૨૪૦૯૬૪,
ફેક્સ ફોન નં. (૯૧) ૦૭૯-૨૩૨૪૦૯૬૫
E-mail : info@gemi-india.org
Website : www.gemi-india.org

સુધારો

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)ની તા. ૧૮/૯/૨૦૧૪ના રોજ પ્રસિદ્ધ થયેલ ટેન્ડરની જાહેરાતમાં પ્રી-બીડ મીટીંગ તા. ૪/૧૦/૨૦૧૪ની જગ્યાએ ૨૬/૯/૨૦૧૪ વાંચવું.

તા. ૧૮/૯/૨૦૧૪ — ડો. સંજીવ ત્યાગી
સ્થળ : ગાંધીનગર — નિયામક, ગેમી

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT, KisaN, ashirvad C. PVC, UPVC, VINAYAK500 TMT BARS - ISI, BENELAVE BATH FITTINGS, R.FIXIT, TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com